પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૭૯ | ૯ સપ્ટેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; ભાદરવા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઘઉંના ટેકાના ભાવમાં ૪૦નો વધારો

**જવના ટેકકાના ભાવમાં ૩૫નો વધારો : ખેડૂત આંદોલનની વચ્ચે કેન્દ્રીય કેબિનેટમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા : પીઆઈએલ સ્કીમ હેઠળ ટેકસટીલ્સ સેક્ટર માટે ૧૦૬૮૩ કરોડની ફાળવણી, પીએલઆઈ સ્કીમથી ૭.૫ લાખ લોકોને સીધો જ ફાયદો થશે**



નવી દિલ્હી, તા.૮

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે બુધવારે ખેડૂતો માટે મહત્વનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય કેબિનેટે વર્ષ ૨૦૨૨-૨૩ ની સિઝન માટે રવી પાકના એમએસપી (લઘુતમ ટેકાના ભાવ) માં વધારો કર્યો છે. કૃષિ કાયદાને લઈને ખેડુતો દ્વારા કરવામાં આવી રહેલા આંદોલન વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે ઘઉં માટે એમએસપીમાં ૪૦ રૂપિયાનો વધારો કર્યો છે, જે હવે ૨૦૧૫ રૂપિયા સુધી પહોંચી ગયો છે જ્યારે જવની એમએસપીમાં ૩૫ રુપિયાનો વધારો કરવામાં આવ્યો છે.સરકારના જણાવ્યા મુજબ, મસૂર, રેપસીડ અને સરસવ (૪૦૦ પ્રતિ ક્વિન્ટલ) ની એમએસપી અગાઉના વર્ષની સરખામણીએ સૌથી વધુ વધારવામાં આવી છે, જેના કારણે તમામ ફરજિયાત રવિ પાક માટે લઘુતમ ટેકાના ભાવમાં વધારો થશે. છેલ્લા કેટલાક સમયમાં કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ પાકોની એમએસપી વધારવામાં આવી રહી છે. સરકારનો દાવો છે કે ખેડૂતોને લઈને જે નિર્ણય લેવામાં

● અનુસંધાન પાન-૭ પર

# અજીત ડોભાલ-રશિયાના NSAની અફઘાન મુદ્દે ચર્ચા

**તાલિબાનની સરકાર રચના બાદ મહત્વપૂર્ણ બેઠક : અફઘાનમાં પરિવર્તનને ધ્યાનમાં રાખતા સુરક્ષાની ચિંતાઓ, નવી તાલિબાની સરકાર સાથે સંબંધો પર ચર્ચા**

નવી દિલ્હી, તા.૮

અફઘાનિસ્તાનમાં તાલિબાન દ્વારા નવી સરકારના એલાનના એક દિવસ બાદ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની ભારત પ્રવાસ પર આવેલા રશિયા રાષ્ટ્ર સુરક્ષા સલાહકાર નિકોલાઈ પત્રુશેવની સાથે મહત્વની બેઠક થઈ છે. બેઠકમાં અફઘાનિસ્તાનમાં તાલિબાની કબ્જા બાદ ઉત્પન્ન થયેલી પરિસ્થિતિઓ પર ચર્ચા થઈ છે. ઉલ્લેખનીય છે કે કાલે જ રશિયા રાષ્ટ્રપતિના પ્રવક્તાએ નિવેદન આપ્યુ છે કે રશિયાએ તાલિબાન સરકારને માન્યતાને લઈને અત્યાર સુધી કોઈ નિર્ણય કર્યો નથી. બંને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની વચ્ચે આ મુદ્દો ઘણુ મહત્વ રાખે છે.



ડોભાલ અને પત્રુશેવની બેઠકમાં અમેરિકાના અફઘાનિસ્તાન પાછા ફર્યા બાદ તાલિબાની કબ્જા, નવી તાલિબાની સરકાર, અફઘાનિસ્તાનમાં થયેલા પરિવર્તનને ધ્યાનમાં રાખતા સુરક્ષાની ચિંતાઓ અને નવી તાલિબાની સરકાર સાથે સંબંધો પર ચર્ચા થઈ છે. સૂત્રો અનુસાર બંને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર આ વાત પર પણ મહત્વની ચર્ચા કરશે કે કેવી રીતે એ સુનિશ્ચિત કરવામાં આવે કે તાલિબાને જે વાયદા કર્યા છે તે નિભાવશે પણ.

ઉલ્લેખનીય છે કે સૂત્રો અનુસાર બંનેની વાતચીતમાં અફઘાનિસ્તાનને મદદ આપવા પર પણ ચર્ચા થઈ છે. ભારત અને રશિયા નવી તાલિબાની સરકારને સ્થિરતા માટે મદદ પણ કરવા તૈયાર થશે. તાલિબાન પોતાના વલણમાં વચન અનુસાર વહીવટી નરમાઈ બતાવે. સૂત્રો અનુસાર બેઠકમાં પાકિસ્તાની આતંકી જૂથ જૈશ એ મોહમ્મદ અને લશ્કર એ તૈયબા પર પણ ચર્ચા થઈ.

# મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ વધતાં ગોવામાં એલર્ટ

**કોરોનાની સંભવિત ત્રીજી લહેરની નિષ્ણાતો દ્વારા આશંકા : મહારાષ્ટ્રે કર્ફ્યુ જેવા પ્રતિબંધો લાદવાનું શરુ કરી દીધું**

પણજી, તા.૮

દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડ્યા બાદ કેન્દ્ર સરકાર અને નિષ્ણાંતો દ્વારા સંભવિત ત્રીજી લહેરની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સંદર્ભે કેરળ અને મહારાષ્ટ્રમાંથી સામે આવી રહેલા કોરોનાના નવા કેસ ચિંતાનો વિષય બન્યા છે. જેને લઈને ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે રાજ્યમાં એલર્ટ પર રાખવાની જરુરિયાત વ્યક્ત કરી છે. મુખ્યમંત્રી સાવંતે જણાવ્યું કે, રાજ્ય સરકાર કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે પૂર્વ તૈયારી કરી ચૂકી છે. ગોવાના સીએમએ એક સરકારી કાર્યક્રમના સંબોધનમાં જણાવ્યું કે, અમે સંપૂર્ણ તૈયાર છીએ, પરંતુ લોકોએ પણ સંભવિત ત્રીજી લહેરના પડકાર સામે તૈયાર રહેવાની જરુર છે. કોઈને વિચાર્યું નહોતું કે બીજી લહેર ભયાનક રીતે દસ્તક આપશે. આપણે ખાસ કાળજી લેવાની જરુર છે.

તેમણે જણાવ્યું કે, આપણા પાડોશી રાજ્યો મહારાષ્ટ્ર અને કેરળે લોકોને ચેતવ્યા છે, કારણ કે વર્તમાન સમયમાં સૌથી વધુ કેસ મહારાષ્ટ્ર અને કેરળમાંથી સામે આવી રહ્યા છે. મહારાષ્ટ્રની સરકારે રાજ્યમાં કર્ફ્યુ જેવા પ્રતિબંધો લાદવાનું શરુ કરી દીધું છે. સંભવિત ત્રીજી લહેર સામે ગોવાની તૈયારીઓના સંદર્ભમાં સીએમ સાવંતે જણાવ્યું કે, મહામારી સામે જરુરી પાયાકીય સુવિધાઓના સંદર્ભે રાજ્ય સંપૂર્ણ તૈયાર છે. હું અહીં માનવીય સ્ત્રોતોનો ઉલ્લેખ કરી રહ્યો છું, કારણ કે જો ત્રીજી લહેર આવે છે તો માનવીય સ્ત્રોતો માટે જે પણ માળખકીય તાલિમની જરુર પડે છે, જેમ કે ડોક્ટર, પેરા મેડિકલ સ્ટાફ અને એમ્બ્યુલન્સને લઈને ગોવા રાજ્ય તૈયાર છે.

# બ્રહ્મપુત્રા નદીમાં બે બોટ ટકરાતાં ૫૦ લાપતા

**બે બોટમાં ૧૦૦થી વધુ લોકો સવાર હતા : નિમતી નજીક બોટ દુર્ઘટનાની મુખ્યમંત્રીએ પુષ્ટિ કરી**



દિસપુર, તા.૮

અસમમાં બ્રહ્મપુત્ર નદીમાં બુધવારે બે નાવની વચ્ચે ટક્કર થયા બાદ કેટલાક લોકો લાપતા થઈ ગયા છે. અધિકારીઓએ જણાવ્યુ કે આ બંને નાવમાં લગભગ ૧૦૦ લોકો સવાર હતા. નાવ દુર્ઘટનાની જાણકારી પર રાજ્યના મુખ્યમંત્રીએ દુ:ખ વ્યકત કર્યુ અને તાત્કાલિક રેસ્ક્યુ કરવાના આદેશ આપ્યા છે.

અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વ સરમાએ જોરહાટમાં નિમતી નજીક થયેલા નાવ દુર્ઘટનાની પુષ્ટિ કરતા આને દુ:ખદ ઘટના કરાર કરી. તેમણે કહ્યુ, રાજ્યના મંત્રી બિમલ બોરાહને કહ્યુ કે તેઓ તાત્કાલિક ઘટના સ્થળે જાઓ. તેમણે આગળ કહ્યુ હુ કાલે નિમતી ઘાચ જઈશ.

અસમ સીએમે કહ્યુ કે મજૂલી અને જોરહાટ વહીવટીતંત્રએ નિર્દેશ આપ્યા કે તેઓ રાષ્ટ્રીય આપત્તિ રાહત દળ અને રાજ્ય આપત્તિ રાહત દળની મદદથી પોતાનુ રેસ્ક્યુ મિશન તેજ કરે.

# હરિયાણા સચિવાલયની બહાર ખેડૂતોના ધરણાં

**ખેડૂતોએ મંગળવારે રેલી કાઢી સચિવાલયને ઘેરાવ કર્યો હતો : અર્ધલશ્કરી દળોની ટુકડીઓ પણ તૈનાત કરવામાં આવી**

ચંદિગઢ, તા.૮

હરિયાણામાં સચિવાલયની બહાર ખેડૂતો ધરણા પર બેસી ગયા છે અને હવે ત્યાંથી હટવા માટે તૈયાર નથી. ૨૮ ઓગસ્ટે ખેડૂતો પર થયેલા લાઠીચાર્જ બાદ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માટે અને ઘાયલ ખેડૂતોને વળતર આપવા માટે માંગણી સાથે ખેડૂતોએ ગઈકાલે એક રેલી કાઢીને સચિવાલયનો ઘેરાવો કર્યો હતો.

એ પછી તંત્ર સાથે ખેડૂતોની વાતચીત થઈ હતી. જોકે વાતચીત પડી ભાંગ્યા બાદ ખેડૂતો સચિવાલયની બહાર બેસી ગયા છે. ખેડૂતો અને પોલીસો વચ્ચે સંઘર્ષ પણ થયો છે. ખેડૂતો પર વોટર કેનનનો ઉપયોગ કરીને તેમને હટાવવાની કોશિશ પણ કરવામાં આવી હતી. જોકે ખેડૂતો ત્યાં જ બેસી રહ્યા છે. ધરણા સ્થળ પર રાકેશ ટિકૈત સહિતના બીજા ખેડૂત નેતાઓ પણ હાજર છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અર્ધલશ્કરી દળોની ટુકડીઓ પણ તૈનાત કરવામાં આવી છે. બીજી તરફ ખેડૂતો અને તૈનાત જવાનો માટે બે ગુરુદ્વારા ભોજનની વ્યવસ્થા કરી રહ્યા છે.

ખેડૂત નેતાઓએ સચિવાલયની બહાર દેખાવો કરવાનુ ચાલુ રાખવાનુ નક્કી કર્યુ છે. ઉલ્લેખનીય છે કે, યુપી બાદ હરિયાણામાં પણ ખેડૂતોએ ગઈકાલે મહાપંચાયત બોલાવવાની જાહેરાત કરી હતી અને એ પછી ખેડૂતોએ ગઈકાલ રાતથી સચિવાયલયનો ઘેરાવો કરી રાખેલો છે.



# કોરોનાથી મોતમાં દરેકને વળતર ન મળી શકે : સુપ્રીમ

**કોરોનાથી થયેલા દરેક મોતને મેડિકલ બેદરકારી માની પરિવારને વળતર આપવાની માગ સુપ્રીમ કોર્ટે ઠુકરાવી**

નવી દિલ્હી , તા.૮

કોરોનાથી થયેલા દરેક મોતને મેડિકલ બેદરકારી માની પરિવારને વળતર આપવાની માગ સુપ્રીમ કોર્ટે ઠુકરાવી દીધી છે. કોર્ટે કહ્યું કે કોરોનાને કારણે મોટી સંખ્યામાં લોકોના મૃત્યુ થયા છે. આ દુર્ભાગ્યપૂર્ણ છે. પરંતુ તે ન કહી શકાય કે દરેક મોત મેડિકલ બેદરકારીને કારણે થયા છે.

અરજીકર્તા દીપક રાજ સિંહની દલીલ હતી કે મોટાભાગના મોત ઓક્સિજનની કમી કે સારવારની જરૂરી સુવિધા ન હોવાને કારણે થયા છે. સ્વાસ્થ્ય પર સંસદની સ્થાયી સમિતિએ કોરોનાની બીજી લહેરની આશંકા વ્યક્ત કરી હતી. ઓક્સિજન અને હોસ્પિટલ બેડની કમી તરફ સરકારનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. પરંતુ સરકારે યોગ્ય તૈયારી કરી નહી.

વકીલ શ્રીરામ પરક્કટ દ્વારા દાખલ અરજીમાં તે પણ કહેવામાં આવ્યું કે અલગ-અલગ સરકારો અને સંસ્થાઓએ ભીડ ભેગી થવાની મંજૂરી આપી.

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરાખંડ રાજ્યપાલપદેથી બેબી રાની મોર્યનું રાજીનામું

નવી દિલ્હી, તા.૮

ઉત્તરાખંડના રાજ્યપાલ બેબી રાની મૌર્યએ રાષ્ટ્રપતિ સમક્ષ પોતાનું રાજીનામુ ધરી દીધું છે. રાજ્યપાલના સચિવ બીકે સંતે આ વાતની પુષ્ટિ કરી હતી. બેબી રાની મૌર્ય ઉત્તરાખંડના રાજ્યપાલ તરીકે ગત ૨૬ ઓગષ્ટના રોજ પોતાનો ૩ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરી ચુક્યા છે.

# ‘પાકિસ્તાન મુર્દાબાદ’ના સૂત્રોચ્ચાર કરનારાઓ પર તાલિબાનનો ગોળીબાર

કાબુલ , તા.૦૮

અફઘાનિસ્તાનમાં નવી સરકાર રચવામાં ઊભા થઈ રહેલા અવરોધોનો આખરે મંગળવારે અંત આવ્યો હતો અને તાલિબાનોએ મંગળવારે મોડી સાંજે નવી સરકારની જાહેરાત કરી હતી. કંદહારના વતની મુલ્લા મોહમ્મદ હસન અખુંદ અફઘાનિસ્તાનમાં તાલિબાની સરકારના નવા વડાપ્રધાન બનશે. અખુંદ તાલિબાનની નિર્ણય લેનારી શક્તિશાળી ’રેહબરી શુરા’ના વડા છે. ઈરાની શાસન પદ્ધતિ અપનાવનારા તાલિબાનોના સર્વોચ્ચ વડા મુલ્લા હિબતુલ્લા અખુંદઝાદા રહેશે. મુલ્લા અબ્દુલ ગની બરાદરને નાયબ વડાપ્રધાન બનાવાયા છે. તાલિબાનના સ્થાપક મુલ્લા મોહમ્મદ ઓમરના પુત્ર મુલ્લા યાકુબ સંરક્ષણ મંત્રી બનશે. કુખ્યાત હક્કાની નેટવર્કના વડા સિરાજુદ્દિન

● અનુસંધાન પાન-૭ પર





એક Bazaar®

એક દેશ • એક માર્કેટ • ઘણી ભાષાઓ

ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ

અબ દુનિયા સે ધંધા આપકી ભાષામે

તમારો બિઝનેશ તમારી શરતે, તમારી જ ભાષામાં કોઈપણ ભાષાનાં વ્યક્તિ સાથે ૧૭૫ દેશોમાં, ૧.૭૫ કરોડથી વધુ ખરીદનાર અને વેચનાર સાથે Ek Bazaarની સાઈટ દ્વારા સરળતાથી કરી શકો છો

૧ મહિના માટે ચાર્જ ફક્ત ખેડુત ૧૦૦/- કારીગર ૧૫૦/- SME & MSME ૨૫૦/-

ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઈન કરો www.ekbazaar.com

M. 9019217734 7676911802 | Help Line 18003091349